सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૦૬–૦૭–૨૦૧૯ | | |
| ફરીયાદ રજી. તારીખ : | ૦૬–૦૭–૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ : | ૦૯–૦૨–૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૮ | ૦૩ |

**::નમૂના – અ::** **આંક : ૪૦**

| | |
|---|---|
| **મે.સુરત ના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત** | |
| ચુકાદાની તારીખ | ૦૯–૦૩–૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૧૨૭૮/૨૦૨૫ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઇ) |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૦૬–૦૭–૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પો.સ્ટે.સુરત |
| ફરિયાદ પક્ષ | શ્રી પો.કોન્સ.દિલીપકુમાર જાલજીભાઇ બ.નં.૯૩૬ |
| રજુઆત | વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી માર્ટીન પરમાર |
| આરોપી પક્ષ | **૧)પ્રવિણભાઇ સ/ઓ ભાગવત થોરાત,**<br>ઉ.વ.૨૮, ધંધો : મજુરી,<br>રહે.: એસ.ટી.સ્ટેન્ડ પરીસર જવલ, મુ.પો.બોટાવદ ધુલે મહારાષ્ટ્ર.<br>**૨)સમાધાન સ/ઓ વિલાસ પાટીલ,**<br>ઉ.વ.૨૨, ધંધો : મજુરી,<br>રહે.:મહાદેવનગર–૦૨, પ્લોટ નં.૬૬, ડિંડોલી સુરત.<br>**૩)બાદલ સ/ઓ શિવાજી પાટીલ (ફરાર),**<br>ઉ.વ.૧૯, ધંધો : મજુરી,<br>રહે.: રૂક્ષ્મણીનગર, રૂમ નં.૧૯૨, લિંબાયત સુરત.<br>**૪)નિલમબેન વા/ઓ બીપીનભાઇ પટેલ,**<br>ઉ.વ.૩૬,<br>રહે.: જોરાવસણ, તા.જિ.વલસાડ. |
| આરોપી પક્ષ ની રજુઆત | – |

**::નમૂના – બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૬–૦૭–૨૦૧૯ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૬–૦૭–૨૦૧૯ |
| આખરી માહિતી અહેવાલની તારીખ | ૦૩–૦૨–૨૦૨૦ |
| તહોમતનામાની તારીખ | ૦૮–૦૯–૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬–૧૦–૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૯–૦૨–૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૯–૦૩–૨૦૨૬ |
| સજા હુકમ જો લાગુ પડે તો | –– |

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત ની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા ? / કે સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો જો કોઈ હોય તો સંહીતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **પ્રવિણભાઈ સ/ઓ ભાગવત થોરાત,** ઉ.વ.૨૮, ધંધો : મજુરી, રહે.: એસ.ટી.સ્ટેન્ડ પરીસર જવલ, મુ.પો.બોટાવદ ધુલે મહારાષ્ટ્ર. | ૦૬/૦૭/૧૯ | ૧૫/૦૭/૧૯ | પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫(ઇ) | શંકાનો લાભ | – | – |
| ૨ | **સમાધાન સ/ઓ વિલાસ પાટીલ,** ઉ.વ.૨૨, ધંધો : મજુરી, રહે.:મહાદેવનગર–૦૨, પ્લોટ નં.૬૬, ડિંડોલી સુરત. | ૦૬/૦૭/૧૯ | ૦૧/૦૭/૧૯ | પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫(ઇ) | શંકાનો લાભ | – | – |
| ૩ | **બાદલ સ/ઓ શિવાજી પાટીલ (ફરાર),** ઉ.વ.૧૯, ધંધો : મજુરી, રહે.: રૂક્ષ્મણીનગર, રૂમ નં.૧૯૨, લિંબાયત સુરત. | ૦૬/૦૭/૧૯ | ૦૧/૦૭/૧૯ | પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫(ઇ) | શંકાનો લાભ | – | – |
| ૪ | **નિલમબેન વા/ઓ બીપીનભાઇ પટેલ,** ઉ.વ.૩૬, રહે.: જોરાવસણ, તા.જિ.વલસાડ. | ૦૫/૦૮/૧૯ | ૧૫/૦૮/૧૯ | પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫(ઇ) | શંકાનો લાભ | – | – |

**:: નમુનો ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| **અનુ.નં.** | **સાહેદનું નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સ.૧ | દિલિપકુમાર જાલજીભાઇ | ૧૯ | ફરિયાદી |
| ફ.સ.૨ | અરમાન યકુબ મન્સુરી | ૨૫ | પંચ |
| ફ.સ.૩ | ભુપતસિંહ કેવળસિંહ | ૨૯ | ત.ક.અ. |

**બ) બચાવ પક્ષ**

| **અનુ નં** | **સાહેદનુ નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૧ | – | – |

**ક) ન્યાયાલય**

| **અનુ નં** | **સાહેદનુ નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૧ | – | – |

નોંધ :– ઉપરોકત સાક્ષીના પુરાવ ના પ્રકાર માં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવુ )

**ફરીયાદી / બચાવ / ન્યાયાલના આંકની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| **અનુ નં.** | **આંક સખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક ફ – ૨૦ | ફરિયાદ |
| ૨ | આંક ફ – ૨૬, ૩૦ | પંચનામુ |

**બ) બચાવ પક્ષ**

| **અનુ નં** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક બ –૧/બ.સ.૧ | – |

| | | |
|---|---|---|
| ૨ | આંક બ –૨/બ.સ.૨ | – |

**ક) ન્યાયાલય આંક**

| અનુ નં | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક ન્યા–૧/ન્યા.સ.૧ | – |
| ૨ | આંક ન્યા–૨/ન્યા.સ.૨ | – |

**ડ.ભૌતિક પદાર્થ :–**

| અનુ નં | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ પ–૧ | – |
| ૨ | ભૌ પ–૨ | – |

**–:: ઠરાવ ::–**

(૧) **<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>**

આ કામના આરોપીઓએ તા.૦૬/૦૭/૨૦૧૯ ના રોજ કલાક ૦૩/૦૪ વાગ્યે ઉધના રેલ્વે સ્ટેશન પ્લે નં.૦૧ ના વચ્ચેના ભાગે ઓવર બ્રીજની બાજુમાં ટ્રેનનં–ભુસાવલ સુરત પેસેંજર ટ્રેનના વચ્ચેના ભાગે જનરલ ડબ્બામાંથી સફેદ કલરના બે મિણિયા થેલામાં ઇંગ્લીંશ દારૂ સાથે આ કામના ત્રણેય આરોપીઓએ ગુ.રા.પ્રોહી એરીયામાં વગર પાસે પરમીટે ગે.કા.રીતે ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારુ કુલ રૂા.૧૯,૨૦૦/– ની મત્તાનો મુદદામાલ આયાત કરી પોતાના કબજામાં રાખી લઇ જતા પકડાઇ જઇ પ્રોહીબીશન એકટ ૬૫(ઇ) મુજબનો ગુન્હો કરેલ છે જેથી આ કામના આરોપીઓ સામે સુરત જી.આર.પી. પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૫૩૫૦/૨૦૧૯ થી નોંધી, તપાસ કરતા પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) **<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

આ કામના આરોપીઓને આ અદાલત ધ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા – ૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપી સામે આંક–૧૪ થી તહોમતનામુ ફરમાવી આંક–૧૫,૧૬ અને ૧૭ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે, તેમજ આ કામે આરોપી નં.૩ નાઓ હાજર રહેતા ના હોય તેની ગેરહાજરીમાં કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

એપીપી શ્રીની મૌખીક વિનંતી થી પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૩) <u>આરોપીનુ વિશેષ નીવેદન :–</u>**

આ કામે પુરાવો પુરો થયા બાદ આરોપીને વિશેષ નીવેદન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા – ૨૦૨૩ ની કલમ ૩૫૧ મુજબ લેવામાં આવેલ છે જેમાં મોટા ભાગના પ્રશ્નો ખોટી વાત છે તેમ જણાવી વિશેષ માં આરોપી નિર્દોષ હોવાનુ હકીકત જણાવેલ છે.

(૪)**<u>દલીલો :–</u>**

અ) ***<u>ફરીયાદપક્ષની દલીલ :–</u>***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી માર્ટીન પરમાર ને સાંભળવામાં આવેલ છે તેઓની દલીલ છે કે આકામે તપાસવામાં આવેલ તમામ શાહેદોની જુબાની ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષ તેનો કેસ નીશંક પણે પુરવાર કરેલ છે, તકઅએ તેની જુબાનીમાં પંચનામાની વિગતો જણાવેલ છે તેથી તથા ફરીયાદીની ફરીયાદ ને સમર્થનકારી જોવામાં આવે તો ફરીયાદ પક્ષ તેનો કેસ નીશંક પણે સાબીત કરેલ હોય આરોપીને દોષીત ઠરાવવા માંટે અરજ ગુજારેલ છે.

બ) ***<u>બચાવપક્ષની દલીલ :–</u>***

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી કે આર પટેલની દલીલ છે કે આરોપી પાસે થી મુદ્દામાલ મળી આવેલા ની હકીકત ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ નથી, પંચો હોસ્ટાઈલ થયેલ છે, કોઈ સ્વતંત્ર શાહેદ તપાસવામાં આવેલ નથી, કોઈ એફ એસ એલ કરાવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ માં વિદેશી દારુ જ હતો તેવી કોઈ હકીકત સાબીત કરી શકેલ નથી તેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નીષ્ફળ નીવડેલ હોય આરોપીઓને નીદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે

(૫) ઉપરોકત હકીકતો તથા દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ તા.૦૬/૦૭/૨૦૧૯ ના રોજ કલાક ૦૩/૦૪ |

| | |
|---|---|
| | વાગ્યે ઉધના રેલ્વે સ્ટેશન પ્લે નં.૦૧ ના વચ્ચેના ભાગે ઓવર બ્રીજની બાજુમાં ટ્રેનનં–ભુસાવલ સુરત પેસેંજર ટ્રેનના વચ્ચેના ભાગે જનરલ ડબ્બામાંથી સફેદ કલરના બે મિણિયા થેલામાં ઇંગ્લીંશ દારૂ સાથે આ કામના ત્રણેય આરોપીઓએ ગુ.રા.પ્રોહી એરીયામાં વગર પાસે પરમીટે ગે.કા.રીતે ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારુ કુલ રૂ.૧૯,૨૦૦/– ની મત્તાનો મુદદામાલ આયાત કરી પોતાના કબજામાં રાખી લઇ જતા પકડાઇ જઇ પ્રોહીબીશન એકટ ૬૫(ઇ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે

**<u>–:: પુરાવાનુ મુલ્યાંકન ::–</u>**

**<u>મુદા નં.–૧ ની ચર્ચા :–</u>**

(૦૮) **<u>કાયદાની જોગવાઈઓ</u> :–**

ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (ઈ) મુજબનો આક્ષેપ છે. તો સૌપ્રથમ આ કલમ અંગે જોઈએ તો, વર્ષ ૨૦૧૬ માં અધ્યાદેશ લાવી આ કાયદામાં સુધારો લાવવામાં આવેલ છે.

**કલમ: ૬૫ઈ કેફી પદાર્થ અથવા ભાંગ ગાંજાના ગેરકાયદેસર આયાત વગેરે માટે શિક્ષા**

*જે કોઈ વ્યકિત આ અધિનીયમની જોગવાઈઓનુ કે તેની બે બનાવેલ નિયમો, નિયમનો અને હુકો અથવા તે નિચે અપાયેલ લાયસન્સ, પરમીટ, પાસ, અથવા અધીકાર પત્રની ભંગ કરી :*

*એ. XXX*

*બી. XXX*

*સી. XXX*

*ડી. XXX*

*ઈ. (અફીણ સિવાયનો બીજો) કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજો કબજામાં રાખે, હેરફેર કરે, વેચે અથવા ખરીદે, અથવા*

*એફ. XXX*

*જી. XXX*

*તેને દોષીત ઠર્યે, આવા દરેક ગુના માટે,કેદ જે દશ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડ, જે રુ. પાંચ લાખ સુધી લંબાવી શકાશે તે સજા થશે.*

*એવી જોગવાઈ કરાવમાં આવે છે કે, ન્યાયાલયે ચુકાદામાં વિરુધ્ધના વિશિષ્ઠ અને પુરતા કારણો જણાવવામાના અભાવે –*

*(૧) પ્રથમ ગુના માટે, આવી કેદ બે વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ એક લાખ રુપિયા કરતા ઓછો ન હોવો જઈએ ;*

*(૨) બીજા ગુના માટે, આવી કેદ ત્રણ વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ બે લાખ રુપિયા કરતા ઓછો ન હોવો જઈએ ;*

*(૩) ત્રીજા અને ત્યાર પછીના ગુના માટે, આવી કેદ સાત વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ પાંચ લાખ રુપિયા કરતા ઓછો ન હોવો જઈએ ;*

**(૯) પુરાવાનુ મુલ્યાંકન :** –

એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે. આ કામમાં સમગ્ર કેસનો ન્યાયિક નિર્ણય કરતા પહેલા એવીડેન્સ એકટ

અન્વયેની જોગવાઈ જોઈએ તો, એવીડેન્સ એકટની કલમ–૩ માં એવીડેન્સ એટલે શું ? તેની વ્યાખ્યા આપવામાં આવેલ છે. તેમાં જણાવેલ છે કે,

" The instrument by which the Court is convinced of a fact is evidence. It is often classified as being either direct of circumstantial. "

આમ, પુરાવો કોર્ટને કન્વીન્સ કરી શકે તેવો હોવો જોઈએ. સાથોસાથ હકીકત એટલે શું ? તે પણ એવીડેન્સ એકટમાં જણાવેલ છે.

" Facts of which the Court is so convinced that they suggest some inference as to other facts."

સાથોસાથ એવીડેન્સ એકટની કલમ–૧૦૧ માં સાબિતી અન્વયેની હકીકત જણાવેલ છે. તે જોઈએ તો,

" Law regarding burden of proof deals with the question by whom and in what manner evidence must be produced and by which party and fact is to be proved. It determines the right and liability to lead evidence and of the right of rebuttal. It assumes importance if both parties fail to adduce evidence or if both parties adduce evidence but the evidence is evenly balanced and the same leaves the Court in doubt."

આમ, ઉપરોકત મુજબ સામાન્ય રીતે પુરાવો, સાબિતી, સાબિતીનો બોજો આ અગત્યની બાબતે ન્યાયિક નિર્ણય કરવાનો છે. સાથોસાથ  કાયદાની જોગવાઈ મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ *બીયોન્ડ રીઝનેબલ ડાઉટ* સાબિત કરવાનો છે. આમ, ઉપરોકત જોગવાઈ અન્વયે નીચે મુજબ આ કેસનું એપ્રીસીએશન કરેલ છે.

(૧૦) નામદાર સર્વોચ્ચ અદાલત ના **સતીષ મહેરા વિરુધ્ધ દીલ્હી એડમીનીસ્ટ્રેશન, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫** માં ઠરાવવા માં આવેલ છે કે,

*When the Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of court shoud not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date.*

આ ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલ ના કેસ માં પણ તપાસેલ તમામ શાહેદો ધ્યાને લેતા આ કેસમાં વધુ શાહેદ તપાસ સમય પસાર કરવો ઉચીત જણાઈ આવતો નહી હોય  આગળની કાર્યવાહી કરવામાં આવે છે.

(૧૧) ઉપરોકત કલમો અન્વયે હાલના કેસમાં જોવામાં આવે તો, આ કેસમાં  ફરીયાદીનો એવો આરોપ છે કે, આ કામનાં આરોપી પાસે થી પ્રોહીબીશન એકટ મુજબનો પ્રતિબંધીત  વિદેશી દારુ આરોપીના કબજા કે ભોગવાટા માંથી ગેર કાયદેસર રીતે મળી આવેલ છે.

(૧૨) આ કામે પંચ શાહેદ ફરીયાદ પક્ષને સહેજ પણ સમર્થન આપતા નથી, પંચસાહેદોએ પોલીસ દ્વારા એક તૈયાર પંચનામામાં સહી લીધાનું કબુલ કરે છે તે સિવાય પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી અને આથી તેની જુબાનીથી પંચનામું સાબિત થતું નથી, જયારે ફરીયાદ પક્ષે આરોપી ના કબજા માંથી મુદ્દામાલ મળી આવેલાનુ સાબીત કરવા માટે પંચ શાહેદ તે મહત્વના શાહેદ છે અને તે મહત્વના શાહેદ જ ફરીયાદ પક્ષને સમર્થના આપતા નથી, વધુમાં જયારે પંચોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તે સબબ સને **૧૯૯૧(૧) જી. એલ.એચ. ૪૩૩** ઉપર પ્રસિધ્ધ થયેલ **ધીરજલાલ ગાંડાભાઈ વિ.સ્ટેટ**નો ચુકાદો જોતા તેમાં ના.એપેક્ષ કોર્ટ ધ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે, પંચસાહેદો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય અને મુદ્દામાલ બોટલો ઉપર પંચોની સહીવાળી કાપલી ન મુકેલ હોય તો કલમ ૧૧૬ બી મુજબનું અનુમાન ઉદભવી શકે નહી. તેમજ **૧૯૯૫ ક્રિ.લો. જનરલ ૨૬૬૨** ઉપર પ્રસિધ્ધ થયેલ **સૈયદ મોહંમદ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં પેરા ૧૨** માં જણાવેલ સિધ્ધાંત અનુસાર જયારે મુદ્દામાલ આર્ટીકલ આરોપીઓનાં કબ્જામાંથી મળી આવે અને પંચસાહેદો ધ્વારા તે હકીકતને સમર્થન મળેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષે દારૂ આરોપીઓનાં કબજામાથી મળેલ તે અંગેની હકીકત નબળી બની જાય છે. જેથી ઉપરોકત ચુકાદાઓ મુજબ પંચસાહેદોનો પુરાવો મહત્વનો નિર્ણાયક છે અને પોલીસે જેથી પંચોની પસંદગીમાં કાળજી રાખવી જોઈએ.

(૧૩) પોલીસ સાહેદોએ ગુનાની હકીકતોને સમર્થન આપેલ છે. તેમની ઉલટતપાસ જોતા તેમાં ગુનાવાળી જગ્યા વસ્તી ધરાવતો વિસ્તાર હોવાની હકીકત કબુલ રાખે છે. અને તેનો અર્થ એવો થાય છે કે બનાવ વાળી જગ્યાએ અન્ય સ્વતંત્ર શાહેદો ઉપલબ્ધ હતા તેમ છતા પણ આ કામે કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદનો લીધેલ નથી, આ કામે પોલીસને અગાઉ થી જ બાતમી હતી તેમ છતા પણ પંચો સીવાય અન્ય કોઈ સ્વતંત્ર શાહેદના નિવેદન લેવામાં આવેલ નથી.

(૧૪) આ કામે આરોપી પાસે થી મળી આવેલ મુદ્દામાલ પ્રતિબંધીત જથ્થો હતો કે કેમ તેનો એફએસએલનો કોઈ પૃથ્થકરણનો રીપોર્ટ આ કામે રજુ કરવામાં આવેલ નથી એટલે કે આરોપી પાસે થી મળી આવેલ મુદ્દામાલ શું હતો તે ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ નથી.

(૧૫) આ કામે બનાવ વાળી જગ્યાએ થી આરોપી પાસે થી પ્રતિબંધીત વિદેશી દારુનો જથ્થો મળી આવેલાની હકીકત જણાવે છે પરંતુ તેને બનાવ વાળી જગ્યાએ થી પોલીસ ચોકી માં લાવવામાં આવેલ છે અને ત્યાં બે પંચોના માણસો બોલાવવામાં આવેલ છે અને ત્યાં પંચનામુ કરી આરોપી પાસે થી

ભારતીય બનાવટ નો વિદેશી દારુ કબજે કરવામાં આવેલ છે પરંતુ બનાવ વાળી જગ્યાએ પંચો રુબરુ કે જયાં આરોપી પાસે થી વિદેશી દારુ મળી આવેલ છે તે જગ્યાએ કોઈ કયા કારણસર પંચનામુ કરેલ છે તેનુ કોઈ કારણ દર્શાવેલ નથી અને બનાવ વાળી જગ્યાના બદલે પોલીસ સ્ટેશન માં આવીને પંચનામુ કરેલ તે હકીકત આરોપી પાસે થી મુદ્દામાલ કબજે કર્યા અંગે શંકા ઉદભવે છે.

(૧૬) આ કામે પ્રોહીબીશનનો પ્રતિબંધીત જથ્થો મળી આવેલ છે તે સ્થળ જાહેર છે અને પંચો પંચનામાને સમર્થન કરતા નથી ત્યારે કહેવાતો મુદ્દામાલ મળી આવેલ છે તે આરોપીના કબજા ભોગવટામાં થી જ મળી આવેલ છે તેવી હકીકકત પુરવાર થતી નથી.

(૧૭) આરોપી નં.૩ નાઓને અનેક વાર સમંસ વોરંટ કરવા છતા પણ આરોપી મળી આવેલ નથી અને તેથી આરોપીઓની ગેર હાજરીમાં પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે અને વિશેષ નિવેદન ડીસ્પેન્સ વિથ કરવામાં આવેલ છે તથા દલીલ નો હકક બંધ કરવામાં આવેલ છે ત્યારે સીઆરપીસીની કલમ ૩૫૩ (૬) વંચાણે લેતા તેમાં આરોપીની ગેર હાજરીમાં ઠરાવ જાહેર કરી શકાય તેવી જોગવાઈ હોય ઘણા સમય થી આ કેસ પેન્ડીંગ હોય આરોપીની ગેરહાજરીમાં ઠરાવ જાહેર કરવો ઉચીત જણાઈ આવે છે.

આમ, સમગ્ર પુરાવો જોતા, પંચો સમર્થન કરતા નહી હોય, કોઈ સ્વતંત્ર શાહેદના નિવેનો લીધેલ નહી હોય, પૂથ્થકરણનો અહેવાલ આ કામે રજુ કરેલ નહી હોય અને મળેલ મુદ્દામાલ આરોપીના કબજા ભોગવટા માંથી જ મળી આવેલ છે તેમ સાબીત કરી શકેલ નહી હોય ફરીયાદપક્ષ આરોપી સામે પ્રોહી–બીશન એકટની કલમ ૬૫(ઈ) મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ આથી નકારમાં આપું છું અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું

**_–:: હુ ક મ ::–_**

આ કામના આરોપી નં. **૧)પ્રવિણભાઈ સ/ઓ ભાગવત થોરાત,** રહે.: એસ.ટી.સ્ટેન્ડ પરીસર જવલ, મુ.પો.બોટાવદ ધુલે મહારાષ્ટ્ર,**૨)સમાધાન સ/ઓ વિલાસ પાટીલ,** રહે.:મહાદેવનગર–૦૨, પ્લોટ નં.૬૬, ડિંડોલી સુરત, **૩)બાદલ સ/ઓ શિવાજી પાટીલ (ફરાર),** રહે.: રૂક્ષ્મણીનગર, રૂમ નં. ૧૯૨, લિંબાયત સુરત, **૪)નિલમબેન વા/ઓ બીપીનભાઈ પટેલ,** રહે.:જોરાવસણ, તા.જિ.વલસાડ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫(ઈ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વિદેશી દારુનો નીયમ મુજબ નાશ કરવો, જો કોઈ વચગાળાનો નાશ નો હુકમ કરવામાં આવેલ હોય તો કાયમ કરવામાં આવે છે.

આરોપીઓએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(અ) અન્વયે વધુ છ માસના સમયગાળા સુધીના રુ. ૧૫ ,૦૦૦/–ના જામીન રજુ કરવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૦૯ માર્ચ ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

-

તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
સુરત

(પંકજ રાઠોડ )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),
સુરત
(જી.જે.૦૧૪૬૮)